# ગુજરાત વિધાનસભા

-----------

## પંદરમી વિધાનસભા

## પાંચમું સત્ર

-----------

## દિવસના કામકાજની યાદી

ગુરુવાર, ૨૨ ઑગસ્ટ, ૨૦૨૪

બપોરે ૧૨:૦૦ વાગ્યે

1. **પ્રશ્નોત્તરી**

**ટૂંકી મુદતના પ્રશ્નો**

(1) માનનીય સભ્યશ્રી અરવિંદ રાણાનો ટૂંકી મુદતનો પ્રશ્ન ક્રમાંકઃ ૧૫/૫/૦૮ "વ્યાજખોરોની વિરૂધ્ધ કાનૂની કાર્યવાહી"

**..... માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ)**

(2) માનનીય સભ્યશ્રી જયંતિભાઈ પટેલનો ટૂંકી મુદતનો પ્રશ્ન ક્રમાંકઃ૧૫/૫/૧૪ " અકસ્માતે અવસાન પામનાર કોલેજના વિદ્યાર્થીઓના વાલીઓને સહાય""

**..... માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી**

2. **તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)**

(1) નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય સભ્યશ્રી અમીત ચાવડા માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રીનું ધ્યાન દોરશેઃ-

તાજેતરમાં આણંદ જિલ્લાના ગોપાલપુરા ગામ પાસે આવેલી સત્યેન્દ્ર પેકેજીંગ કંપનીમાં આગ લાગતાં અગ્નિશામક દળના ચાર કર્મીઓ ગંભીર રીતે દાઝી ગયેલ છે. આ કંપનીમાં અગાઉ પણ આગની દુર્ઘટનાઓ બની હોવા છતાં સંચાલકો સામે ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય કચેરી દ્વારા કડક પગલાં ન લેવાતાં પુનઃ આગ લાગતા તંત્ર સામે રોષ અને ભયની લાગણી પ્રસરી છે, તે નિવારવા અને દાઝી ગયેલ કર્મીઓને સહાય ચૂકવવા સરકારે લીધેલાં કે લેવાં ધારેલાં પગલાં.

3. **વિધાનસભાના મેજ ઉપર મૂકવાના કાગળો**

(1)
ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

..... માનનીય પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ

(2)
ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર લિમિટેડનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

....... માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયા

(3)
ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો સન ૨૦૨૩-૨૪નો વાર્ષિક અહેવાલ

..... માનનીય પર્યાવરણ મંત્રીશ્રી મુળુભાઈ બેરા

(4)
ગુજરાત મેરીટાઈમ બોર્ડના સન ૨૦૨૨-૨૩ના વાર્ષિક હિસાબો અને આ હિસાબોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

..... બંદરો પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલ

(5)
સન ૧૯૬૩ના ગુજરાત રાજ્ય બાંહેધરી અધિનિયમ અન્વયે,

(ક) નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન રાજ્ય સરકારે જે તે સંસ્થા વતી આપેલ બાંહેધરીઓની વિગતો દર્શાવતું પત્રક-૧

(ખ) બાંહેધરી આપનારની રૂએ જે તે સંસ્થા વતી સરકારે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન ચૂકવેલ રકમની વિગતો દર્શાવતું પત્રક-૨

(ગ) બાંહેધરી આપનારની રૂએ જે તે સંસ્થા વતી સરકારે ચૂકવેલ રકમ પૈકી નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન જે તે સંસ્થાથી વસૂલ કરેલી વસૂલાતની વિગતો દર્શાવતું પત્રક-૩

..... માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ

## 4. માનનીય અધ્યક્ષશ્રીએ કરવાની જાહેરાત

(1) જાહેર હિસાબ સમિતિ ઉપર ખાલી પડેલ બે સભ્યો અને પંચાયતી રાજ સમિતિ ઉપર ખાલી પડેલ એક સભ્યની ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત

## 5. <u>વિધાનસભાની સમિતિના અહેવાલોની રજૂઆત</u>

(1) અંદાજ સમિતિના ચોથા અહેવાલની રજૂઆત

**<u>........સમિતિના માનનીય પ્રમુખ શ્રીમતી મનીષાબેન વકીલ/સભ્યશ્રી</u>**

(2) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના કલ્યાણ માટેની સમિતિના પ્રથમ અહેવાલની રજૂઆત

**<u>........સમિતિના માનનીય પ્રમુખશ્રી અલ્પેશ ઠાકોર/સભ્યશ્રી</u>**

(3) જાહેર સાહસો માટેની સમિતિના ચોથા અહેવાલની રજૂઆત

**<u>........સમિતિના માનનીય પ્રમુખશ્રી ગણપતસિંહ વસાવા/સભ્યશ્રી</u>**

## 6. <u>વૈધાનિક પ્રસ્તાવ (નિયમ-૧૦૦) (૬૦ મિનિટ)</u>

(1) માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી મુળુભાઈ બેરાનો ભારતના બંધારણના અનુચ્છેદ ૨૫૨-ના ખંડ (૧) અન્વયેનો પ્રસ્તાવ :-

"WHEREAS the Parliament had enacted the Water (Prevention and Control of Pollution) Amendment Act, 2024 (No. 5 of 2024) notified on 15.2.2024.

AND WHEREAS the Amendment Act shall apply, in the first instance, to the whole of the States of Himachal Pradesh and Rajasthan and the Union Territories and it shall apply to such other States which will adopt this Act, by passing a resolution in their legislative assemblies and legislative councils (if any) under clause (1) of article 252 of the Constitution read with clause (2) thereof, with effect from the date of such adoption.

AND WHEREAS, the aim of this Amendment Act is to decriminalize the provisions of the original Act "Water (Prevention and Control of Pollution) Act, 1974" {6 of 1974} to facilitate ease of doing business in the country and to streamline the process of nomination of Chairman of State Pollution Control Boards.

AND WHEREAS it appears to this Legislative Assembly to be desirable that the aforesaid Amendment Act should be adopted in the State of Gujarat by passing a resolution in this house.

NOW, THEREFORE in exercise of the powers conferred by Article 252 of the Constitution of India, this House hereby resolves that the amendments with respect to the Water (Prevention and Control of Pollution) Amendment Act, 2024 (No. 5 of 2024) should be adopted in the State of Gujarat as enacted by the Parliament."

ગુજરાતી અનુવાદ

"સંસદે, પાણી (પ્રદુષણ નિવારણ અને નિયંત્રણ) સુધારા અધિનિયમ, ૨૦૨૪ (સન ૨૦૨૪નો ક્રમાંક: ૫) અધિનિયમિત કર્યો હતો, જે તા. ૧૫.૨.૨૦૨૪ના રોજ જાહેર કરવામાં આવ્યો.

અને સુધારા અધિનિયમ, શરૂઆતના તબક્કામાં, હિમાચલ પ્રદેશ અને રાજસ્થાનના સમગ્ર રાજ્યોને અને કેન્દ્રશાસિત પ્રદેશોને

લાગુ પડશે અને સંવિધાનના અનુચ્છેદ ૨૫૨-ના ખંડ (૨) સાથે વાંચતા તેના ખંડ (૧) હેઠળ જે રાજ્યો પોતાની વિધાનસભામાં અને વિધાન પરિષદ (કોઈ હોય, તો તે)માં ઠરાવ પસાર કરીને આ અધિનિયમ સ્વીકારશે, તેવા બીજા તમામ રાજ્યોને આવી રીતે (અધિનિયમ) સ્વીકાર્યાની તારીખથી તે લાગુ પડશે.

અને આ સુધારા અધિનિયમનો ઉદ્દેશ મૂળ અધિનિયમ "પાણી (પ્રદુષણ નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ, ૧૯૭૪" (સન ૧૯૭૪ના ૬ઠ્ઠા)ની જોગવાઈઓને બિન-ગુનાહિત કરવાનો છે, જેથી કરીને દેશમાં કામકાજ સરળ બને અને રાજ્ય પ્રદુષણ નિયંત્રણ બોર્ડમાં અધ્યક્ષની નામનિયુક્તિની પ્રક્રિયા સરળ બને.

અને આ વિધાનસભાને ઉપર્યુક્ત સુધારા અધિનિયમ, આ ગૃહમાં ઠરાવ પસાર કરીને ગુજરાત રાજ્યમાં સ્વીકારવાનું ઈચ્છનીય જણાય છે.

તેથી, હવે, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૫૨ થી મળેલી સત્તાની રૂએ, આ ગૃહ, આથી, ઠરાવે છે કે સંસદ દ્વારા અધિનિયમિત કર્યા મુજબનો પાણી (પ્રદુષણ નિવારણ અને નિયંત્રણ) સુધારા અધિનિયમ, ૨૦૨૪ (સન ૨૦૨૪નો ક્રમાંક ૫મો) સંબંધિત સુધારા સાથે ગુજરાત રાજ્યમાં સ્વીકારવો જોઈએ."

## 7. <u>સરકારી વિધેયકો</u>

(1) સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક-૧૩-સન ૨૦૨૪નું ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વિધેયક

...........દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન

.......**<u>માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ</u>**

(2) સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક-૧૧-સન ૨૦૨૪નું ગુજરાત નશાબંધી (સુધારા) વિધેયક

...........દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન

....... **<u>માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી હર્ષ સંઘવી</u>**

**વિધાનસભા ગૃહ**
**ગાંધીનગર**
**તારીખ:૨૧ ઑગસ્ટ ૨૦૨૪**

**ચેતન પંડયા**
**ઈન્ચાર્જ સચિવ**
**ગુજરાત વિધાનસભા**